દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૯ જાન્યુઆરી, ૨૦૨૬

# અમેરિકા ગ્રીનલેન્ડ પર હુમલો કરે તો પશ્ચિમી જગતના ઘણા સમીકરણો બદલાઈ જઈ શકે

વેનેઝુએલા પર હુમલો કરીને અમેરિકાએ તે દેશના પ્રમુખ નિકોલસ માદુરોને પકડી લીધા તે પછી કોલંબિયા જેવા બીજા કેટલાક લેટિન અમેરિકન દેશોનો વારો આવશે તેવી અટકળો હજી તો ચાલુ જ હતી ત્યાં ફરી એકવાર ગ્રીનલેન્ડનું નામ ચર્ચાવા લાગ્યું. ઉત્તર ધ્રુવ નજીક આવેલ આ યુરોપિયન ટાપુ પર અમેરિકાનો, ખાસ કરીને હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો લાંબા સમયથી ડોળો છે. ટ્રમ્પ અગાઉ પણ આ ટાપુને અમેરિકાના કબજામાં લાવવાની વાત ઉચ્ચારી ચુક્યા છે. હાલમાં વેનેઝુએલા પર હુમલા પછી રવિવારે ટ્રમ્પે ફરી એકવાર ગ્રીનલેન્ડ પર અમેરિકાના કબજાની વાત કરી, અને તેથી સ્વાભાવિક રીતે જ ગ્રીનલેન્ડ, ડેન્માર્ક તથા યુરોપના અન્ય દેશોમાં નારાજગી અને ચિંતાની લહેર ફેલાઇ ગઇ. ખનિજોથી સમૃદ્ધ એવો ગ્રીનલેન્ડ ટાપુ આમ તો સ્વશાસિત છે, પરંતુ તેના પર સાર્વભૌમ અધિકાર ડેન્માર્કનો ગણાતો આવ્યો છે.

ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર કબજાની વાત કરી તેની સામે ડેન્માર્કના મહિલા વડાપ્રધાન મેટ ફ્રેડરિકસેને સખત વિરોધ નોંધાવ્યો. અનેક યુરોપિયન નેતાઓએ તેમને ટેકો આપ્યો. નેતાઓએ એક નિવેદન બહાર પાડીને પુનરોચ્ચાર કર્યો હતો કે વ્યૂહાત્મક અને ખનિજોથી સમૃદ્ધ આ આર્કટિક ટાપુ ત્યાના લોકોનો છે. ટ્રમ્પની ટિપ્પણીઓના જવાબમાં ફ્રાન્સ, જર્મની, ઇટાલી, પોલેન્ડ, સ્પેન અને યુનાઇટેડ કિંગડમના નેતાઓ ડેનમાર્કના વડાપ્રધાન મેટ ફ્રેડરિકસેન સાથે ગ્રીનલેન્ડના સાર્વભૌમત્વના બચાવમાં જોડાયા હતા. ગ્રીનલેન્ડ એ ડેનમાર્ક સામ્રાજ્યનો એક સ્વ-શાસિત પ્રદેશ છે અને આ રીતે તે નાટો (NATO) સૈન્ય ગઠબંધનનો હિસ્સો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ગ્રીનલેન્ડ તેના લોકોનું છે. ડેનમાર્ક અને ગ્રીનલેન્ડને લગતી બાબતો પર નિર્ણય લેવાનો અધિકાર માત્ર ડેનમાર્ક અને ગ્રીનલેન્ડનો જ છે. ડેન્માર્કના વડાપ્રધાન ફ્રેડરિકસેનએ ચેતવણી આપી હતી કે જો અમેરિકા ગ્રીનલેન્ડ પર કબજો કરશે તો તે નાટોના અંત સમાન હશે. તેમની વાત બરાબર છે. નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઇઝેશન (નાટો) એ ઉત્તર એટલાન્ટિક વિસ્તારના દેશોનું સહિયારું લશ્કરી સંગઠન છે, જે બીજા વિશ્વયુદ્ધ પછી રચાયું હતું. આ સંગઠનના બંધારણ પ્રમાણે સંગઠનના કોઇ એક દેશ પર હુમલો એ સમગ્ર સંગઠન પર હુમલો ગણાશે અને તે દેશની મદદે નાટો સંગઠન આવશે. પરંતુ આ જ સંગઠનનો એક સભ્ય દેશ બીજા સભ્ય દેશ પર હુમલો કરે તો શું થાય? તેની રચના થઇ ત્યારથી આજ સુધી તો આવું બન્યું નથી, પણ અદકપાંસળી ટ્રમ્પ આવું કરે પણ ખરા! અને ડેન્માર્કના વડાપ્રધાનની વાત બિલકુલ સાચી છે કે આવું જો થાય તો નાટો સંગઠન જ તૂટી જાય. સોમવારે એક ટીવી ઈન્ટરવ્યુમાં ફ્રેડરિકસને કહ્યું કે જો અમેરિકા કોઈ NATO સભ્ય દેશ પર સૈન્ય કાર્યવાહી કરે છે, તો NATOની આખી વ્યવસ્થા જ નાશ પામશે. કંઈ જ બાકી નહીં રહે. જો કે આ મેટેની આ ચેતવણી છતાં અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી એડવાઇઝર સ્ટીફન મિલરે ગ્રીનલેન્ડ પર કબજાની ટ્રમ્પની વાત દોહરાવી. સ્ટીફન મિલરે સોમવારે રાત્રે એમ કહીને અમેરિકાના સાથી દેશોને ચોંકાવી દીધા અને NATO ને હચમચાવી દીધું કે ગ્રીનલેન્ડ 'યુનાઇટેડ સ્ટેટ્સનો ભાગ હોવો જોઈએ' - અને તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આર્કટિક પ્રદેશના ભવિષ્ય માટે વોશિંગ્ટન સામે લડવાની કોઈ દેશ હિંમત કરશે નહીં. આ તેમનું અભિમાન છે. તેમનું કહેવુ એમ છે કે યુરોપમાંથી કોઇ અમેરિકા સામે લડવા માટે ઉતરશે નહીં. CNN ના કાર્યક્રમ 'ધ લીડ વિથ જેક ટેપર'માં એક આક્રમક રજૂઆત દરમિયાન, વ્હાઇટ હાઉસના આ ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ અને હોમલેન્ડ સિક્યુરિટી એડવાઈઝરે જો કે ગ્રીનલેન્ડને કબજે કરવા માટે અમેરિકા લશ્કરી દળનો ઉપયોગ કરી શકે છે કે કેમ તે અંગેના વારંવારના પ્રશ્નોને ફગાવી દીધા હતા. મિલરે ઓન-એર કહ્યું હતું કે, ગ્રીનલેન્ડના ભવિષ્ય માટે કોઈ પણ લશ્કરી રીતે અમેરિકા સામે લડવાનું નથી. લશ્કરી કાર્યવાહીની શક્યતાને સ્પષ્ટપણે તેઓ નકારી કાઢે તેવા વારંવારના પ્રયાસોને તેમણે અવગણ્યા હતા. એટલે કે અમેરિકા લશ્કરી કાર્યવાહી કરે પણ ખરું એવો તેમનો અભિગમ હતો. તેમણે ટાપુ પર ડેનમાર્કના સાર્વભૌમત્વને પડકાર્યું હતું. મિલરે પૂછ્યું, તેમના પ્રાદેશિક દાવાનો આધાર શું છે? ડેનમાર્કની વસાહત તરીકે ગ્રીનલેન્ડ રાખવાનો તેમનો આધાર શું છે? અમેરિકા એ NATO ની મુખ્ય શક્તિ છે. અમેરિકા માટે આર્કટિક ક્ષેત્રને સુરક્ષિત કરવા અને NATO તથા તેના હિતોનું રક્ષણ કરવા માટે, દેખીતી રીતે ગ્રીનલેન્ડ અમેરિકાનો ભાગ હોવો જોઈએ, અને તેથી આ એક એવી ચર્ચા છે જે આપણે એક દેશ તરીકે કરવા જઈ રહ્યા છીએ એમ મિલરે કહ્યું હતું. આ અસાધારણ ટિપ્પણીઓ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડને બળજબરીથી કબજે કરવાની શક્યતાને ફરીથી નકાર્યા પછી આવી છે, જેનાથી યુરોપિયન સાથી દેશોમાં ડર વધી ગયો છે કે વહીવટીતંત્ર યુએસ 'રાષ્ટ્રીય સુરક્ષા' ના નામે NATO ની અંદર સરહદો ફરીથી નક્કી કરવા માટે તૈયાર છે.

અમેરિકાના ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ સાથે ગાઢ સંબંધો રહ્યા છે. ડેનમાર્ક NATO નું સ્થાપક સભ્ય છે. 1951ના સંરક્ષણ કરાર મુજબ, અમેરિકાને ગ્રીનલેન્ડમાં સૈન્ય મથક રાખવાની મંજૂરી મળેલી છે. બંને દેશો સુરક્ષા, વિજ્ઞાન, પર્યાવરણ અને વેપારમાં સહયોગ ધરાવે છે. પરંતુ હવે ટ્રમ્પની દાનત ખનિજ સમૃદ્ધ ગ્રીનલેન્ડ પર બગડી છે. ગ્રીનલેન્ડ પર હુમલાના સંજોગોમાં કોઇ યુરોપિયન દેશ અમેરિકા સામે લડવા નહીં ઉતરે તેવી અમેરિકી નેતાઓની વિચારણા એ તેમનો ભ્રમ પણ પુરવાર થઇ શકે છે. જો અમેરિકા ગ્રીનલેન્ડ પર હુમલો કરે તો પશ્ચિમી જગતના ઘણા સમીકરણો બદલાઇ જઇ શકે છે.

# પાણી: સામાન્ય સંપત્તિમાંથી ખાનગી સંપત્તિમાં પરિવર્તન અને પ્રશાસનની બેજવાબદારી

## કહેવાની વાત

**નેહા શાહ**

> હવા ને પાણી સૌ નાગરિકનો માનવા અધિકાર છે અને સૌને મફતમાં મળી શકે એવો પ્રબંધ સરકારે કરવાનો રહે. વર્ષોથી આ સામાન્ય સંપત્તિનું પરિવર્તન ખાનગી સંપત્તિમાં થઈ ગયું છે

ઇન્દોર એકલું શહેર નથી જ્યાં લોકોને પીવા માટે દૂષિત પાણી મળે છે અને ટાયફોઈડ, કોલેરા, ડાયેરિયાફેલા અને કમળા જેવા રોગો ફેલાતા રહે છે. આ તો જ્યારે ઈન્દોરમાં ૧૦ લોકોનાં મૃત્યુ થયાં, ૩૨ લોકો ગંભીર રીતે બીમાર પડ્યાં અને આઈ.સી.યુ. માં ખસેડવા પડ્યાં, ૨૦૦ હોસ્પીટલમાં દાખલ કરી સારવાર આપવી પડી અને ૨૦૦૦ થી વધુને અસર થઇ ત્યારે પ્રશ્નની ગંભીરતાની ચર્ચા જાહેરમાં આવી. ઈન્દોરની સાથે ગાંધીનગરમાં પણ દૂષિત પાણી પીવાથી ટાઈફોઈડ ફેલાયો છે. ૭૦ લોકોને અસર થઈ હોવાનું અધિકૃત આંકડા કહે છે. બેન્ગલુરુના લિંગારાજાપુરમ વિસ્તારમાં પણ લોકોએ ગંધ મારતું પાણી નળમાંથી આવતું હોવાની ફરિયાદ કરી છે. અમદાવાદના પૂર્વ વિસ્તારોમાં નળમાંથી દૂષિત પાણી નીકળવું એ નવી વાત નથી. દર વર્ષે હજારો નાગરિકો દૂષિત પાણી પીવાથી માંદા પડે છે. એક આંકડા પ્રમાણે પાછલાં પાંચ વર્ષમાં આ અંગે નાગરિકો દ્વારા ત્રણ લાખથી વધુ ફરિયાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવામાં આવી છે. રાજધાની દિલ્હીમાં, જ્યાં ૩૦ ટકાથી વધુ પાણીના નમૂના પીવાયોગ્ય ગણી શકાય એવા નથી, ત્યાંના પાંડવનગર વિસ્તારમાં માથું ઊંચકી રહેલી બીમારીથી તંત્ર સતર્ક થઇ ગયું છે જેથી ઈન્દોરની ઘટનાનું પુનરાવર્તન ના થાય!

ભારત સરકારના સર્વે પ્રમાણે ૯૬ ટકા ઘરો સુધી પીવાનું સ્વચ્છ પાણી પહોંચતું થયું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પહોંચાડાતાં પાણીની ગણતરી સ્વચ્છ પાણીમાં થાય - જે ઈન્દોર, ગાંધીનગર, અમદાવાદ કે બેન્ગલુરુનાં ઘરો સુધી નળ દ્વારા પહોંચે છે, જેના પીવાથી જ આ બધાં શહેરોમાં માંદગી ફેલાવાની ફરિયાદ ઊઠી છે! આ બધાં જ શહેરોમાં પીવાના પાણીની પાઈપલાઈન અને ગટરની પાઈપલાઈન નજીક નજીક હોવાને કારણે એકબીજામાં ભળી જવાથી પીવાનું પાણી દૂષિત થાય છે. ખાસ કરીને જ્યારે પાણીના પ્રવાહનું દબાણ વધારે હોય ત્યારે આ ભય વધી જાય છે. પાઈપો જૂની છે, જર્જરિત થઈ ચૂકી છે, ઠેર ઠેર ભંગાણ થયાં છે, સમારકામની તાત્કાલિક જરૂર છે - આ બધી જ માહિતી જે તે મ્યુનિસિપાલિટી માટે નવી નથી. લોકોની ફરિયાદ દ્વારા, તેમજ જુદાં જુદાં સર્વેક્ષણ દ્વારા કોર્પોરેશનના અધિકારીઓ માહિતગાર રહ્યા જ છે, પણ જેમની પાસે ખરીદશક્તિ છે એ લોકો તો ઘરમાં આર.ઓ. નખાવીને કે બોટલમાં વેચાતું પાણી પીને પોતાને બચાવી લે છે. પ્રશાસન સામે ફરિયાદ કરવાની એમને જરૂર લાગતી નથી. ફરિયાદ કરનારો વર્ગ ગરીબ અને જરૂરતમંદ છે જેની વાત ક્યારે કોઈએ કાને ધરી છે?

આઠ વર્ષથી સતત દેશના સૌથી સ્વચ્છ શહેરનું સ્થાન પામતા ઈન્દોરમાં જ દૂષિત પાણીનું સંકટ ઊભું થાય એટલે સ્વચ્છતા માટે થતા રેન્કિંગની પ્રક્રિયા પર પણ સવાલ ઊભા થાય, કારણ કે સ્વચ્છ શહેરના પ્રથમ ક્રમની ચળક-ભડકમાં લોકો સુધી એ વાત પહોંચતી નથી કે છેક ૨૦૧૬-૧૭માં મધ્ય પ્રદેશ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે એકથી વધારે વિસ્તારનાં પાણીની ગુણવત્તા અંગે લાલબત્તી ધરી હતી અને પાણીના પાઈપનું તાત્કાલિક સમારકામ કરવાની ભલામણ કરી હતી. એનો મતલબ કે આ પ્રશ્ન અંગે જાણકારી આઠેક વર્ષથી હતી. ૨૦૨૪માં કોર્પોરેશને નવી પાઈપલાઈન નાખવા માટે ટેન્ડર બહાર પાડ્યું હતું પણ 'નાણાંના અભાવે' કશું ખાસ થયું નહિ અને લોકો દૂષિત પાણી પર જ નભતાં રહ્યાં! ભારત સરકારના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (કેગ) ના ૨૦૧૯ના જળપ્રબંધ પરના એક રીપોર્ટમાં ઈન્દોર અને ભોપાલ શહેરની જળવ્યવસ્થા અંગે ગંભીર સવાલ ઉઠાવ્યા હતા - જે મુજબ માત્ર ૫૬ ટકા લોકો સુધી જ ઈન્દોર અને ભોપાલની કોર્પોરેશન નળ દ્વારા જળ પહોંચાડે છે. પાણી લીક થવાની ફરિયાદ આવે તો એના સમારકામમાં ૨૨ થી લઈને ૧૦૮ દિવસનો સમય લાગી શકે છે. પાણીની ટાંકીની યોગ્ય સફાઈ થતી નથી. આ બધા જ પ્રશ્નો સરકારી જાહેર સેવાઓમાં જવાબદારીનો અભાવનાં ઉદાહરણ છે. અત્યારે ઈન્દોરની ચર્ચા કેન્દ્ર સ્થાને છે એટલે ત્યાંની નિષ્ફળતા અંગેની માહિતી બહાર આવી રહી છે, પણ દેશનાં ઘણાં શહેરોમાં પરિસ્થિતિ ખાસ જુદી નહિ હોય.

હવા અને પાણીની ગણતરી સામાન્ય સંપત્તિની (કોમન ગુડ્સ) શ્રેણીમાં થાય. એટલે કે દરેક ઘૂંટડા પર ભલે કોઈ વ્યક્તિનો અધિકાર હોય, પણ એનાથી અન્ય વ્યક્તિને એનો ઉપયોગ કરવાથી રોકી શકાતી નથી. હવા ને પાણી સૌ નાગરિકનો માનવા અધિકાર છે અને સૌને મફતમાં મળી શકે એવો પ્રબંધ સરકારે કરવાનો રહે. વર્ષોથી આ સામાન્ય સંપત્તિનું પરિવર્તન ખાનગી સંપત્તિમાં થઈ ગયું છે. ચોખ્ખું પાણી બોટલમાં વેચાય એટલે એ પાણી ખાનગી સંપત્તિમાં પરિવર્તિત થાય અને કોઈ પણ ખાનગી મિલકતની માફક એની પર જન-સામાન્યનો અધિકાર રહેતો નથી. સૌથી પહેલી બાદબાકી ગરીબ અને વંચિત વર્ગની થાય છે જેણે ગંધ મારતાં દૂષિત પાણી પર જ નાછુટકે આધાર રાખવો પડે છે. આ સરકારી પ્રશાસનની બેદરકારી અને નિષ્ફળતા છે. આજની તારીખમાં ભારતની લોકશાહીની સૌથી મોટી બદનસીબી એ છે કે જ્ઞાતિ અને ધર્મના નામે ચૂંટણી લડાય અને જીતાય છે પણ જીવનનો પાયો બાંધનાર સ્વચ્છ પાણી અને સ્વચ્છ હવાના મુદ્દે ચૂંટણી લડાતી નથી અને એટલે એનો યોગ્ય પ્રબંધ કરવાની અગ્રિમતા રહેતી નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## એક પરખ

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

શિયાળામાં સૂરજના સોનેરી તડકામાં રાજાનો દરબાર રાજના બગીચામાં ખુલ્લામાં ભરાયો હતો. દરબારમાં દૂર દેશનો હીરાનો વેપારી આવ્યો તેને રાજા સામે શરત મૂકી કે 'મારી પાસે બે હીરા એવા છે કે એક એકદમ કિંમતી હીરો છે અને એક નગણ્ય કાચ... આ બેમાંથી કયો સાચો હીરો છે અને કયો ખોટો કાચ છે તે અહીં કોઈ પારખી શકે તો તે હીરો તમારો અને જો ન પારખી શકે તો લાખો સોનામહોરો તમારે મને આપવી પડશે.' વેપારીની શરત સાંભળી રાજાએ કહ્યું, 'ઠીક છે.'વેપારીએ બગીચામાં ખુલ્લામાં ભરાયેલા રાજાની સામે મુકાયેલા ટેબલ ઉપર બંને હીરા પોતાના ખિસ્સામાંથી કાઢીને મૂક્યા. બંને હીરા આબેહુબ હતા ખબર પડે જ નહીં કે કયો અસલી હીરો છે અને કયો કાચ.દરબારમાંથી કોઈ હીરો પરખવા આગળ આવ્યું નહિ. રાજાની અને રાજ્યની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગી હતી. રાજાએ કહ્યું, 'શું કોઈ નથી આપણા રાજ્યમાં કે જે આ વેપારીની શરત પૂરી કરી શકે?'એક આંધળો વ્યક્તિ આગળ આવ્યો કહ્યું કે, 'રાજાજી મને કોશિશ કરવા દો.'બધા હસવા લાવ્યા કે એક આંધળો વ્યક્તિ શું પરખ કરશે. રાજાએ વિચાર્યું કે, આ આંધળા વ્યક્તિએ હિંમત કરી છે તો ભલે કોશિશ કરે. રાજાએ આંધળા વ્યક્તિને હા પાડી, મંત્રીજી તેને હાથ પકડીને રાજાની સામે જ્યાં બે હીરા મૂક્યા હતા ત્યાં લઈ ગયા. આંધળા વ્યક્તિએ કહ્યું, 'મંત્રીજી મારા બંને હાથમાં તે હીરા મૂકી દો.'મંત્રીજીએ એક પછી એક બંને હાથમાં એક એક હીરા મૂક્યા અને અંધ વ્યક્તિએ પળવારમાં જણાવ્યું કે મારા જમણા હાથમાં સાચો હીરો છે અને ડાબા હાથમાં કાચ છે. આ સાંભળી વેપારી અવાચક થઈ ગયો કારણ કે આંધળાનો જવાબ સાચો હતો. વેપારીએ શાબાશી આપતા કહ્યું કે, 'વાહ નજરવાળા પારખી ન શક્યા અને તમે જોયા વિના સાચી પરખ કરી લીધી... રાજન, શરત, મુજબ આ હીરો હું તમને ભેટમાં આપું છું.' પછી વેપારી આંધળા તરફ ફર્યો અને પૂછ્યું, 'આપ મને કહેશો કે તમે કેવી રીતે પરખ કરી?'આંધળો વ્યક્તિ બોલ્યો, 'આ શિયાળાની સવારનો તડકો તપી રહ્યો છે અને મંત્રીજીએ જ્યારે મારા હાથમાં બે હીરા મૂક્યા હતા ત્યારે એક હીરો ગરમ થઈ ગયો હતો અને એક ઠંડો જ હતો એટલે જે ગરમ થઈ ગયો હતો તે કાચ હતો અને જે ઠંડો હતો તે સાચો હીરો હતો. એના પરથી મેં પારખી લીધું.' આજ રીતે સાચા વ્યક્તિની પરખ થાય છે જે વ્યક્તિ નાની નાની વાતમાં ગરમ થઈ જાય, ગુસ્સે થઈ જાય, તપી જાય તે કાચ સમાન નગણ્ય છે અને જે વ્યક્તિ મુશ્કેલીઓમાં તકલીફમાં કે કોઇપણ વિપરીત પરિસ્થિતિમાં હંમેશા મનની શાંતિ જાળવી રાખે, મગજ શાંત રાખીને માર્ગ કાઢવાની કોશિશ કરે તે વ્યક્તિ હીરા સમાન છે.

# આ કેવું ગુજરાત છે? સમાજ કહે તો કાયદો પાળો, સમાજ કહે તો કાયદો બદલો...

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

> જે યુપી બિહારની હિંસા અને જાતિવાદના સમાચાર પર ગુજરાતીઓ હસતાં હતાં તે જ હિંસા અને જાતિવાદ ગુજરાતમાં વકરી રહ્યો છે. હવે તો ગુનેગારોને છોડવા માટે પણ સમાજ એકઠો થાય છે

ગુજરાતે એક અજબ દિશામાં રફતાર પકડી છે. એક તો કોઈ પણ શહેરમાં ચાર પાંચ ગુંડાઓ લાકડી, પાઈપ, સાંકળ લઈ ફિલ્મી સ્ટાઈલમાં નીકળી પડે છે અને ખુલ્લેઆમ હત્યાઓ કરે છે, મારામારી કરે છે, કોઈને અધમુઓ કરે છે. હમણાં જ એક વ્યક્તિ પર ચાર પાંચ વ્યક્તિઓએ હુમલો કર્યો અને પાછો નિર્ભય બની વીડિયો પણ બનાવ્યો. ભોગ બનનાર વ્યક્તિ હોસ્પીટલમાં દાખલ થયો. પછી તે ભોગ બનનાર વ્યક્તિના રાજકીય, સામાજિક આગેવાનો આગળ આવ્યા અને સમાજના વ્યક્તિને ન્યાય અપાવવા સરકાર સમક્ષ રજૂઆતો કરી. ગુનેગારો પકડાય તે પહેલાં પોલીસની બદલી થઇ ગઈ અને મુદ્દો રાજકીય ચર્ચાનો વિષય બન્યો.

બીજા કિસ્સામાં એક સમાજનું સંમેલન મળ્યું. આ સમાજના આગેવાનોએ ફિક્સ પગાર બંધ કરવાની વાત ના કરી, પેન્શન યોજના ચાલુ કરવાની વાત ના કરી, આઉટ સોર્સિંગ કરવાની વાત ના કરી, જાહેર હિંસા રોકવાની વાત ના કરી પણ આગેવાનોએ લગ્ન નોંધણીનો કાયદો બદલવાની અને મા બાપની સહી કરાવવાનો નિયમ ઉમેરવાની વાત કરી એટલું જ નહીં મીડિયાએ પણ આ જ વાતને ચડાવી, સરકાર પણ આ મુદ્દો વિચારી રહી છે અને કદાચ કાયદો બદલે તેવી વાતો વહેતી થઈ.

ત્રીજા કિસ્સામાં એક આધેડ પરિણીત પુરુષ સાથે એક યુવતી ભાગી ગઈ કે તેનું અપહરણ થયું તેવા સમાચાર આવ્યા. સમાજના આગેવાનોએ પોલીસ પર દબાણ ઊભું કર્યું. ભગાડી જનારની ધરપકડ થઈ. પોલીસે નિયમાનુસાર કામગીરી કરી હશે પણ છાપાંઓમાં છપાયું કે સમાજને સંતોષ થાય તેવી સજા કરવામાં આવી!( એટલે શું? કાયદા મુજબ સજા ન કરી, સમાજે કહ્યું તે મુજબની સાજા કરી?)

ગુજરાતનો આ ઘટનાક્રમ નિરાશા આપે તેવો છે, દુઃખી કરે તેવો છે. આપણે કઈ દિશામાં જઈ રહ્યાં છીએ? શું આ પ્રગતિશીલતા છે? આ વિકાસ લક્ષણ છે? આમાં સરકાર ક્યાં છે ?

જાહેર જીવનમાં હિંસા થાય, મારામારી થાય એટલે પોલીસે નિયમ અનુસાર વર્તવાનું હોય, ગુનેગારોને પકડવાના હોય અને સજા કરવાની હોય. એમાં કોઈ સમાજ જો દબાણ ઊભું કરે, રાજકીય આગેવાનો મેદાને પડે પછી જ કાયદો કામે લાગે? શું આપણે હવે આવી નવી વ્યવસ્થા ઊભી કરવાની છે? જે જ્ઞાતિઓ, સમાજો, આર્થિક, સામાજિક નબળા હોય, જેમના રાજકીય આગેવાનો ના હોય તેમને ન્યાય નહિ મળે? કાયદો અને વ્યવસ્થાની જાળવણી આપોઆપ થાય તેને સુશાસન કહેવાય ને? કોઈ જ્ઞાતિ, સમાજ ભેગો થઈ કાયદો બદલવાનું કહે તો બદલી નાખવાનો? કે અન્ય જ્ઞાતિ, સમાજોની વાત પણ સાંભળવાની અને બંધારણ વિરુદ્ધની માંગણી હોય તો પણ સરકારે તેના પર વિચાર કરવાનો? આ કેવું?

ગુજરાતમાં સમાજને નામે જાતિવાદ વકરી રહ્યો છે. વિકાસ, વિકાસ અને વિકાસના નામ પર વોટ માંગનારા આ જાતિવાદી ટોળાંશાહી સામે માથું ઝૂકવા મંડ્યા છે. કોઈ છાપાં, ચેનલ અને નેતાઓ આ સમાજના નામે થનારી દાદાગીરી સામે અવાજ નથી ઉઠાવતો. અયોગ્ય નથી.

સમાજને સંતોષ થાય તે રીતે ગુનેગારને સજા થઈ આવું છાપનારા અખબારને શરમ નથી આવતી. જે યુપી બિહારની હિંસા અને જાતિવાદના સમાચાર પર ગુજરાતીઓ હસતાં હતાં તે જ હિંસા અને જાતિવાદ ગુજરાતમાં વકરી રહ્યો છે. હવે તો ગુનેગારોને છોડવા માટે પણ સમાજ એકઠો થાય છે. અમારી જ્ઞાતિનાને જ કેમ પકડો છો? આ તો એવી વાત થઈ કે ગુનેગારોને પણ જ્ઞાતિ જોઈને પકડવાના?

'પડે છે ત્યારે સઘળું પડે છે.' આ વાક્ય યાદ આવ્યા વગર રહેતું નથી. આ જાતિવાદ અને સમાજના નામે થતા બ્લેકમેલિંગને અટકાવવું પડશે. સરકારે સ્પષ્ટ નીતિ અપનાવવી પડશે. મીડિયાએ આવા સામાજિક મેળાવડા અને આગેવાનોનાં નિવેદનોને મહત્ત્વ આપવાનું બંધ કરવું પડશે. બાકી ગુજરાત એક અજબ પછાત માનસિકતા તરફ ધકેલાશે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ઉતરાયણ સંદર્ભે કરુણા અભિયાન

મકરસંક્રાંતિ-2026નાં તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ઉતરાયણની ઉત્સાહભેર જોરશોરથી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પરંતુ દર વર્ષે નાયલોન અને સિન્થેટિક માંજાને પરિણામે માનવ જિંદગી અને મૂંગા પક્ષીઓ આ તહેવાર દરમિયાન જોખમમાં મુકાય છે. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે મકરસંક્રાંતિ સંદર્ભે ઘાયલ પક્ષીઓને તરત જ સારવાર મળે તેવા ઉદ્દેશથી કરુણા અભિયાન ચલાવવામાં આવે છે. સરકાર દ્વારા ઉતરાયણ પર્વમાં સામાજિક વનીકરણ વિભાગ અને સેવાભાવી સંસ્થાઓના ઉપક્રમે કરુણા અભિયાન ખૂબ સારી રીતે ચાલે છે. ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે ટીમ ખડે પગે તૈયાર રહે છે. પરિણામે પક્ષીઓના મૃત્યુદરમાં ઘટાડો થયો છે. મકરસંક્રાંતિના તહેવાર પર પતંગ ચગાવવાના રસિયાઓ પતંગ ચગાવવાની અને એકમેકના પતંગ કાપવાની ખૂબ જ મજા લેતા હોય છે. ફક્ત ભારતમાં જ ઉજવાતો મકરસંક્રાંતિનો તહેવાર આજે વિશ્વના અન્ય દેશો જેવા કે મલેશિયા, જાપાન, ચીન, કોરિયા વગેરે દેશોમાં પણ આ તહેવાર ઉજવાય છે. ચાઈનીઝ દોરીનો ઉપયોગ ટાળવામાં આવે તો પક્ષીઓની જાનહાની ઘટી શકે છે. આ દેશના જાગ્રત નાગરિક તરીકે તમે પણ કરુણા અભિયાનના સહભાગી થવા માંગતા હોય તો ઘાયલ પક્ષી દેખાય તો 1962 પર કોલ કરીને જાણ કરી શકો છો. તમારી થોડીક મજા કોઈના માટે સજા નહીં બને તે જોવાની જવાબદારી આપણી છે. મકરસંક્રાંતિ પર્વની સૌને હૃદયપૂર્વક શુભકામના પાઠવું છું.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## તહેવારોની મજા

આપણો ભારત દેશ વિવિધ જહેવારોથી સમૃધ્ધ દેશ છે. વર્ષ દરમ્યાન આપણે કેટલા બધા તહેવારો ઉજવીને તેની મજા માણીએ છીએ. આપણા દેશમાં એટલા તહેવારો વિશ્વના કોઈ દેશમાં નહીં હોય. અહી વાત એ છે કે તહેવાર ઉજવાય છે કઈ રીતે ? આપણે ત્યાં તો બે ત્રણ રજા સાથે આવી જાય અને જો કોઈ તહેવાર આવતો હોય તો પરિવાર સાથે રહેતા યુવા કપલ તો બહાર ફરવા જતા રહેતા હોય છે. આ એખ જાતની ફેશન થઈ ગઈ છે. અમે લોકો આનાથી ટેવાઈ ગયા છે પણ હકીકતમાં આ બરાબર નથી. તહેવારની સાચી મજા તો પરિવાર સાથે જ આવતી હોય છે તહેવારનો મુખ્ય ઉદ્દેશ પરિવારના દરેક સભ્યો સાથે મળીને આનંદ કરે મજા કરે અને એ પ્રસંગને યાદગાર બનાવે હમણાં નજીકમાં જ ઉત્રાણનો તહેવાર આવે છે ત્યારે આપણે જોઈશું કે પહેલાના જમાનામાં ઘરના ધાબા કે અગાશીઓ પરિવારથી છલકાતી જોવા મળતી હતી જયારે આજે માંડ પાંચ પચીસ માણસ અગાસીમાં જોવા મળે છે. આનું કારણ આજ છે તહેવારને સાથે ઉજવીને જીવનભર ટકી રહે તેવી યાદો બનાવવી જોઈએ આમ કરવાથી પરિવારમાં પ્રિયજનો સાથે ભાવનાત્મક બંધન ગાઢ બને છે.

**અડાજણ - શીલા સુભાષ ભટ્ટ**

## જીવનભરની કરોડો રૂપિયાની કમાણી દાન આપી દેતા ડો. લક્ષ્મીબાઈ

ઓરિસ્સાના સૌ પ્રથમ મહિલા ડોક્ટર માનનીય લક્ષ્મીબાઈએ ગત મહિનાની પાંચમી ડિસેમ્બરે પોતાની 100મી વર્ષ ગાંઠે મહિલાઓની કેન્સરની સારવાર માટે ભૂવનેશ્વરમાં આવેલી (Aiims) ને પોતાની જીવનભરની મૂડી એવા 3-4 કરોડ રૂપિયા દાનમાં આપ્યાના પ્રેરણાદાયી અહેવાલ છે. આ પૈસાનો ઉપયોગ ગાયનેકોલોજિકલ ઓન્કોલોજી મહિલાના કેન્સર માટે શરૂ કરવા અને કેન્સરથી બચવા અવેરનેસ પ્રોગ્રામ માટે વપરાશે. ગરીબ અને આર્થિક રીતે વંચિત હોય એવી મહિલાઓની કેન્સરની સારવાર માટે ડિપાર્ટમેન્ટને નમ્ર અપીલ કરી છે તેઓ ઓડિશાની શ્રીરામચંદ્રમાંથી મેડીકલ કોલેજના પ્રથમ MBBS બેચના પહેલાં મહિલા સ્ટુડન્ટ (1945) આખા વર્ગમાં એકમાત્ર છોકરી જેને કારણે તે સમયે એમને લિંગભેદનો કડવો અનુભવ થયેલો. 1948માં ગાયનેકોલોજીસ્ટની ઉચ્ચ ડિગ્રી મેળવી અમેરિકા પણ જોનહોપકિન્સ કોલેજમાં ભણવા ગયા. પછી 1950માં સુંદરગઢમાં પોતાની મેડીકલ કેરીઅરની શરૂઆત કરી. 1986માં બેહરામપુરની (નિવૃત્તિ પછી) પ્રોફેસર તરીકે જોડાયાં ત્યાંજ નિવૃત્તિ લીધી. ડો. એપીજે કલામ સાહેબ અને દ્રોપદી મુર્મુજીએ એમનું સન્માન કર્યું છે. જીવનની સેન્ચ્યુરી સમયે કમાયેલું સઘળું કાન કરી સમાજજીવનને એક અનોખો દાખલો બેસાડવા બદલ અઢળક અભિનંદનો.

**તાડવાડી, રાંદેર રોડ - રમિલા બળદેવભાઈ પરમાર**

## જન હિતમાં જારી

બે વાત કરવી છે, (૧) ગુજરાતના ખેડૂતોને અંદાજે રૂ 1,40,000/ કરોડનું નુકસાન ગયું, તેની સામે નાણા વિભાગ માત્ર રૂ 10,000 કરોડનું પેકેજ જાહેર કરે એ 2014માં એક ટેલિવિઝન ઉપર એડવર્ટાઈઝ આવતી હતી "હળહળતો અન્યાય" અને તે વખતના સીએમને તત્કાલીન પીએમને તમાચો મારતું કાર્ટુન બતાવવામાં આવતું એ યાદ અપાવે છે, આપણા પીએમ જ્યારે સીએમ હતા ત્યારે પણ ગુજરાતને અન્યાય અને અત્યારે પીએમ છે તો પણ અન્યાય? દેશના ઈતિહાસમાં 71 હજાર કરોડ રૂપિયાનાં ખેડૂતોનું દેવું માફ કરવાનો નિર્ણય ડો.મનમોહન સિંહ 2008માં મૌન પૂર્વક લઈ શકેલા, જેનું મૂલ્ય આજે ત્રણ લાખ કરોડની ઉપર થાય. (૨) 2014માં ડીઝલ 56 રૂપિયા હતું આજે 90 રૂપિયા છે, પેટ્રોલ 71 રૂપિયા હતું આજે 99 રૂપિયા છે, ગેસનો બાટલો 380 હતો, આજે 1250 રૂપિયા છે, એક તોલો સોનું 24 હજારનું હતું આજે 1,40,000 છે, અને ડોલર 62 રૂપિયા હતો આજે એક ડોલરના 90 રૂપિયા છે, ચર્ચાપત્રના માધ્યમથી પૂછવાનું મન થાય વાંચનારને અને લોકોને શું મોંઘવારી ઘટી? કદાચ ટૂંકમાં દલીલ એવી થાય કે આવક વધી! જો આવક વધી હોય તો દેશના 56 ટકા બચત ખાતા ધારકોને ખાતામાં પૈસા કેમ નથી.

**નવસારી - રાજન જોશી**

## વિશ્વને શાંતિની જરૂરત છે

આજે શાંતિથી જ દુનિયાના દુખો, તકલીફો, ગરીબી, શોષણ, ભ્રષ્ટાચારનો અંત આવશે. દુનિયાભરની સરકારો હથિયારો પાછળ જેટલી જંગી બજેટ ફાળવી રહી છે, એટલી શિક્ષણ અને સ્વાસ્થ્ય માટે નહી જે અત્યંત ચિંતાજનક છે. હૂથી, હિજબુલ્લાહ, હમાસ અને તાલિબાન જેવા ખૂંખાર ઈસ્લામી ઉગ્રવાદી સંગઠનોને અમેરિકાએ શસ્ત્ર-સરંજામ પુરુ પાડયું છે. અમેરિકા પોતે હથિયારોનો મોટો નિર્માત અને એક યુધ્ધખોર દેશ છે. જગત જમાદાર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જે 'ગન કલ્ચર' ના ખુલ્લા હિમાયતી છે. ભારત સામે પણ ચીન અને પાકિસ્તાન જેવા કાયમી શત્રુઓ છે. 1962માં ભારત ઉપર અચાનક હુમલો કરીને તિબેટની હજારો એકર જમીન હડપી લીધી. ચીની સૈનિકો અતિઆધુનિક હથિયારોથી સજ્જ. જયારે આપણા સૈનિકો પાસે કાતિલ ઠંડીમાં બરફમાં પહેરવા માટે 'સ્નો સૂટ' પણ નહોતા. તેઓ નેહરૂ જેવા શાંતિ પ્રેમીને લીધે લાકડીઓથી લડતા હતા. પૂર્વ સૈનિક અધિકારીઓએ સમગ્ર હકીક વર્ણાવી છે. પાકિસ્તાને પણ કાશ્મીરનો મોટે ભાગ હડપી લીધો અને આપણી સરકાર જોતી રહી ગઈ. ભારતે મજબૂરીમાં શિક્ષા અને સ્વાસ્થ્ય જેવા પાયાની જરૂરિયાતોની ઉપેક્ષા કરી રક્ષા બજેટ માટે મોટી રકમ ખચર્વી પડે છે. આખી દુનિયાને આજે આ વાત શીખવાની જરૂર છે. 'ઈસ્ટ અલ્લાહ તેરે જહાં મેં હિંસા કયો હૈ, જંગ હૈ કયોં? તેરા દિલ તો કિતના પ્યારા, ઈસાનના કા દિલ તંગ હૈ કયો?

**સુરત - ઈસ્માઈલ ખાન**